# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.


પ્રતિ, તા. ૧૯/૦૨/૨૦૧૮

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **નગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય.**
- **સુરતમાં કાર્યકર્તાઓએ મીઠાઈ વહેંચી અને ફટાકડા ફોડીને ભવ્ય વિજયની ઉજવણી કરી.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

સમગ્ર ગુજરાતમાં હાલમાં જ યોજાયેલી નગરપાલિકાની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થયો છે. સોમવારે આવેલા નગરપાલિકાની ચૂંટણીઓના પરીણામ બાદ વિકાસ વિરોધી કોંગ્રેસ પાર્ટીમાં સોંપો પડી જવા પામ્યો છે. દર વખતની જેમ આ વખતે પણ પ્રજાએ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો પર વિશ્વાસ મૂકી ભવ્ય વિજય અપાવ્યો છે. આ વિજયથી ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓનો જુસ્સો બમણો થઈ જવા પામ્યો છે. આ વિજય આમ જનતાનો અને ભારતીય જનતા પાર્ટીના દરેક કાર્યકર્તાઓનો છે.

# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

આજરોજ સાંજે ૬=૦૦ કલાકે ''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના ખાતે ભવ્ય વિજય બદલ મીઠાઈ વહેંચી અને આતશબાજી કરીને ઉજવણી કરવામાં આવી હતી.



